પ્રેમી યુગલ

નો

સુખી સંસાર.



૧ જીવન બક્ષનાર અને અતિ ઉત્તમ ચમત્કારક ગોળી.

જીવનતાન ગોળી.

આ ગોળીઓ ઘણાજ વખતથી ખંતાજ ખર્ચ વેઠી [illegible] કારી વન-સ્પતિમાંથી શોધન કરી ઘણીજ ચમત્કારક ચીજોના મેળવણી કરી અતી ઉત્તમ અને સ્વદેશી તેમજ ધર્મને બાધ ન આવે તેવી પવિત્ર ચીજોનું મિશ્રણ કરી ઘણાજ બળીઆ અને [illegible] કરવામા આવેલી છે માટે દરેક હિંદવાસી ભાઈઓને ખબર આપવામા આવે છે. બીજી કંપનીનો માલ વાપરતા પહેલા અમારી કંપનીની મુલાકાત લેવા ચુકશો નહીં કારણ કે અમારી કંપનીમા જે ગોળીઓ બના-વવામા આવે છે તે ગોળીઓ સુગંધીદાર અને મીઠી લહેજત વાળી તેમજ મોઢાના તમામ દરદોને નાબુદ કરી ગળાને સાફ બનાવી અવાજને તેજ કરી દીલ અને મગજને તાજા બનાવી ગરમીના તમામ રોગો જેવા કે અપચો, ખાંસી દમ કોલેરા, કબજીઅત તાવ વીગેરે દરેક દરદોમા ચમત્કારક નીવડી ઝાડાને સાફ લાવી જઠરાગ્નિ સુધારી શરીરને પુષ્ટ બનાવી એકદમ તંદુરસ્તીની માફક [illegible] ચમત્કાર સાબીત કરી આપે છે માટે અમારી કંપનીનો માલ એક વખત વાપરી ખાત્રી કરો જેથી તમોને તમારી પસંદગી [illegible] વાપરવાનુ અભિમાન તોડાવી દેશની ચીજો વાપરવાનુ ભાન તાત્કાલીક કરાવશે તેજ અમારી ગોળીઓ ચમત્કારક છે [illegible] ન સાબીતી-નુ ચીન્હ છે વધુ માટે કંપનીના હુંડબીલ તેમજ અસલ સર્ટી-ફીકેટો મળેલાં છે તે જુઓ કિંમત ગોળી ચાલીસની ૦–૧–૦ સો ગોળીના ૦–૨–૦ બસો ચાળીસ ગોળીના ૦–૪–૦ હજાર ગોળીના પાકીટનો રૂ. ૧–૦–૦

તા. ક. વેપારીઓને ભરપુર કમીશન આપવામાં આવશે.

એજન્ટ [illegible]

[illegible]

બી. એમ. પટેલ.

ઠે. બજારમા મુ. આણંદ (ગુજરાત).

પ્રેમી યુગલનો સુખી સંસાર

કે

માધવબાગની મજા.

આ ચોપડીના સર્વ હક્ક **કવી મગનલાલ બાપુજી** ગોધરાવાળાએ પોતાને સ્વાધીન રાખેલ છે માટે તેમની લેખીત પરવાનગી સિવાય કોઇએ છાપવી અગર છપાવવી નહી તા ૧૫-૨-૨૩.

લેખક

કવી મગનલાલ બાપુજી ગોધરાવાળા.

પ્રકાશક

હીરાલાલ ગંગારામ.

મળવાનુ ઠેકાણું

સરસ્વતિ બુક ડેપો-ઠે. સ્ટેશન રોડ, મુ આણંદ.

પ્રત ૪૦૦૦]   આવૃત્તિ પહેલી.   [સને ૧૯૨૩

કિંમત રૂા. ૦-૧-૦

આણંદ ચરોતર પ્રિન્ટિંગ પ્રેસમાં ત્રિભોવનદાસ કાશીભાઇ પટેલે પ્રકાશકને માટે છાપી. તા. ૧૦-૩-૨૩

શ્રી હિન્દી હોસ્પીટલ—આણંદ

આ હોસ્પીટલ ઘણા વર્ષની બહોળી પ્રેકટીસનો અનુભવ ધરાવનાર બોરસદના વતની ડૉ. ચીમનલાલ ચુનીલાલ ચોકસી એલ. એમ. એન્ડ એસ તથા ડૉ. નાથાભાઇ બાગરભાઈ પટેલ એલ એમ એસ, એમ સી. પી એસ. ની સંયુકત દેખરેખ નીચે ચાલે છે.

દરેક રોગના દરદીઓની દવા થાય છે. ખાસ કરીને ઓપરેશનના ગંભીર કેસો બાહોશીથી કરવામાં આવે છે. હોસ્પીટલમાં " સ્ત્રીઓને માટે " જુદો વોર્ડ બાંધવામાં આવ્યો છે; ને દરેક દરદીની પુરતી સંભાળ ને પુરતી કાળજી રાખવામાં આવે છે. દરદીઓના સગા વ્હાલાઓને રહેવાને માટે ખાસ ગોઠવણ રાખવામાં આવી છે. હોસ્પીટલનો સ્ટાફ ઉંચ હિન્દુ વર્ણનો છે. અને દરદીઓની ધારમીક માન્યતા પ્રત્યે સપૂર્ણ માન પુર્વક વર્તવામાં આવે છે તો આશા છે કે ગુજરાતની ધર્મચુસ્ત પ્રજા આ હોસ્પીટલનો પુરેપુરો લાભ લેશે. દામ મધ્યમ ને કામ ઉત્તમ છે. ગરીબ દરદીઓની દવા મફત કરવામાં આવે છે. એકવાર મુલાકાત લઇને ચાલતા કામના અનુભવથી ખાત્રી કરવા દરેકને વિનંતી છે.

નું સરનામું.
સ્પીટલ. મેનેજર-શ્રી હિન્દી હોસ્પીટલ

આણંદ.

ચાલુ જમાનાનો ચિતાર

(રાગ ગઝલ)

હિંદ જેવી પવિત્ર ભુમિ પર કંઈક નારીઓ પેદા થઈ
ટેક તેના જાળવવા માટે દુઃખ વેઠીને સતીઓ થઈ
ઘણી કુંવારીકા થઈ સાધ્વી નામ તેહનું ખીલવવા
દુષ્ટ જનોએ બળવા કીધા સતિ તણા પદને હણવા
રાણક જેવી સતિ નારીએ પુત્ર પોતાના બે ખોયા
રૂપ રંગ દેખીને દુષ્ટ સિદ્ધરાજ જેવા તે પર મોહ્યા
સતિ તણી આ બાગ રૂપ જે હિંદ ભુમી વખણાયે છે
તેજ ભુમીની બાળાઓ જુઓ ગુણીકા થઈને ગાયે છે
મિરાં જેવી સતિ નાર પણ પ્રભુ ભક્તિમાં લીન થઈ
રાણાનાં બહુ દુઃખ વેઠીને કુળ પોતાનું તારી ગઈ
દમયંતી પણ પતિ ભકિતથી નળરાયની સાથે ગઈ
પતિ ભકિતનો પ્રેમ સાચવી જંગલમાં તે ભમતી રહી
હવે વીરલા મારા સુણજો કહું શંખણીનો ચીતાર
કામ તમારૂં પડતું મુકો જેથી જરા ન લાગે વાર
એક દીવસના સમય ઉપર હું માધુ બાગમાં ફરવા
ઉનાળાની રૂતુ હતી તો ઝાડ નીચે [illegible]

તેવામાં બે નફ્ટ નારની જોડી તો મમ નજરે પડી
હાસ્ય વિનોદ ને નખરાં દેખી શંકા મનમાં થઇ ખડી
પેરીસના પ્રખ્યાત રેશમની સાડી તેના શરીરે હતી
પવન તણા સપાટા સાથે સઘળી અંગે ચોટી જતી
ચોળી ને ચણીયો પણ તેનો ઢાકાના મલમલનો હતો
પરસેવો શરીરે વળવાથી તે પણ અંગે ચોટી જતો
માને પેટ જનમીતી તેવું સઘળું અંગ તો નીરખાતું
પણ શંખણી નાર તણું તો હૈડું ખુબ હરખાતું તું
વળી વાળ ફેશનમાં ઓળી શાંચો ઉપર પાડીતી
એડીવાળા બુટ પહેરીને છત્રી કરમાં ઝાલીતી
હાથે પણ ઘડીયાળ બાંધીને ચશમા નાંખી આંખોમાં
વાત કહું શું વીરલા તેની ખામી રહી ગઇ પાંખોમાં
તેવામાં કોઇ અમુક શેઠની મોટરે ભુમ ભુમ કીધું
અવાજ તેહના કાને જાતાં બંનેનું હૈડું બીધું
સત્વર જલદી ઉભી થઇને ઝાડ પુઠે છુપાવા ગઇ
તેવામાં ત્યાં બેજ મીનીટમાં મોટરે આવી ઉભી રહી
અંદર શકા તેઓને પોતાના સ્વામીની હતી
તો રાખેલા છેલ તણી ફરજાને જતી

ઓચીંતાં આ પ્રેમી જનોને નીરખી સર્વે રાજી થયાં
મોજ શોખ ભોગવવા માટે એક બાંક પર બેસી ગયાં
પાંચ દશ મિનીટ તેઓ એ પ્રેમ થકી બહુ વાતો કરી
પછી તેઓએ લજા છોડી એ સઘળું જાણે શ્રી હરી
હુ પણ આંવું કૌતુક દેખી દીલ મહી બહુ પસ્તાયો
અરે હીંદની બાળાઓ શા કાજ વખત આવો આવ્યો
એમ મનમાં વિચારી કઇ હીંમત દીલ માંહી ધારી
પાસ ગયો પુછવાને તેની તો મોટર દીધી મારી
મેં મન માં હે વીચાર કીધો શું જુનો જમાનો ગયો વહી
સતિ નારીઓ ચાલી ગઇ ને શંખણીઓ કાં પેદા થઇ
અરે હીંદ તું કે' મને કે કયારે દશા તુજ પલટાસે
પિતા પુત્રિને વેચીને ક્યાં સુધી આવું ધન ખાસે
મગનલાલે તો ખુબ લખ્યું છે હીંદ તણા દુખો કાજે
પવિત્ર મારી ભારત ભૂમિની દુર દશા શું "

સ્ત્રીઓની ફરજ અને લેખકની અરજ

(રાગ ગઝલ)

અરે ઓ હીંદની દેવી પતિને પ્રેમથી સેવા
કરીશ ના નીચ તું કામો ગણીને નર્કનાં ધામો

પતિને પ્રેમથી પરણી અરે તું સાસરે આવી
કહું શું વાતને વરણી દીલે ઉમંગ તો લાવી

પતિને ઈશ માનીને તમારા દેવ જાણીને
વડિલો પુજ્ય માનીને અતિ સેવા કરી લેજે

નજીવા નારીના ભોગો વિષે લાલચ નહી ધરતી
વિષયમાં છે અતિ રોગો જાણીને પ્યારના કરતી

પતિનો પ્યાર જો મળતાં મળે જે સુખ સંસારે
ગણીસ આનંદ તેને તો ચઢશે ઈશ તુજવારે

રીઝવજે નાથને તારા ગણીને પ્રાણથી પ્યારા
ખરા એ શાસ્ત્રના ધારા સુણીને આ વચન મારા

તે તુજ સત્ય સાચવવા પડે જો દેહ કંઈ તારી
પ્રાણ પણ દેજે ગણીને મોક્ષની વારી

ચાલુ જમાનાના ઝગડા

(રાગ—ખ્યાલ)

હિંદતણા ઓ બંધું મારા વિદેશમાં શું ભટકો છો
પાપ કર્મથી નહિ ડરનારા પુણ્ય માર્ગે અટકો છો

હિરાં જેવો હીંદ દેશ આ સારી સૃષ્ટિમાં વખણાતો
મોટા મુનીવર તણા મુખોથી હિંદ દેશ છે પંકાતો

જુના પુરાણો જુની વાતો ને જુના જનો તો સૌ કહાવે
સારી સૃષ્ટિમાં હિંદ દેશની બરોબરી કો નવ આવે

બાર વર્ષના થયા એટલે રાંડોમાં જઇ ભટકો છો
પાપ કર્મથી નહી ડરનારા પુણ્ય મારગે અટકો છો

સુરાઓ સૌ થયા બાયલા જોઇને રાંડ રહેતા રાજી
સમય તણા સૌ લાગ જોઇને મશકાઓ કહેતા હાજી

હિંદ તણા દુઃખોને દેખી ધીરજ શી રીતે હું ધરૂ
કંઇક નરોનાં કર્મો દેખી કયાં જઇને હું પોતે કહું

ઢાંગ બતાવી બોર્ડ લગાડે ઘોડાગાડીએ ફરનારા
કેમ જનુની તારી લજાવે કન્યા વિક્રયના કરનારા

પહેલાંનો તું વખત જોઈ લે આ ભવનો લાવો કેવા
મુરખ માનવી સમજી લેજે ચઢતી પડતીના જેવા
પહેલાંના તું પુરૂષો જોને બ્રહ્મચર્યના પાળક હતા
પચીસ વર્ષો પુરાં થતાં સ્ત્રીઓના સ્પર્શે જતા
સ્ત્રીઓ તો સૌ ધર્મ પાળતી પ્રભુસમ પતિને માનીને
પતિ સેવનથી પાર ઉતરતી દુઃખને સુખ સમ જાણીને
નવા જમાને શું જામે છે તેની તો વાતો કરીએ
બાળા બાર વર્ષની થતાં પરણીને તેને વરીએ
પુખત ઉંમરની થાતાં પહેલાં સંસારો પર નહી માયા
પચીસ વર્ષે પરણવાથી મજબુત થાતી જુઓ કાયા
ધણીધણીઆણીના શું ધર્મો તે જાણ્યાનું કામજ નહી
માબાપોની સર્મ તોડીને બાપ થઇ ઝટ બેસે અહીં
ચાર સખીઓ ભેગી થાય ત્યાં વાતો આવી ચાલે
અલી બેન મારો સ્વામી પેલીને ઘરમાં ઘાલે
ખાવાનું નહી રાંધી આપુ ત્યારે તેઓ શું ખાસે
ફરીસ ફાંકડી હું પણ થઇને તો તે દેખી પસતાસે
અલી બેન પણ મને રેશમી બંગડીઓ બહુ શોભે છે
કોઇક બંગડીવાળા સાથે મુજ મનડું બહુ લોભે છે

માથામાં અત્તર ઘાલીને ઠંડી ચસ્લે ચાલીશું
નવીન નરોના હાથ ઝાલીને બજારમાં જઈ માલીશું
લેડી ફેશનના બુટ પહેરીને પોલીસ પણ નિત્યે કરસું
પતિ લઢવા આવે ત્યારે તેઓથી તો નવ ડરસું
પહેરવેશ જુની ફેશનનો તે મુજને તો નવ ગમશે
નવીન જાતનાં વાયલ ઉપર મારૂં તો દીલડું રમશે
માટે શું કહું વાત હો વીરલા ફેશન તો વળગી તમને
બેનો છોડો ઢાંગ હવે તો જુના ગમે છે બહુ અમને
પ્રાચીન કાળમાં કંઈક નારીઓ કર બીજાને નવ દેતી
પતિ ભકિત સાચવવા માટે દુઃખ અતિસે તો સ્હેતી
તેવી નારીઓ હીંદ ભુમી પર હાલ નથી નજરે ચઢતી
માટે મારા હીંદ દેશ તારી તો થઇ છે પડતી
કંઈક નારીઓ સતિ તણા ડોળે બહુ મોજો માણે છે
માટે મારા હિન્દ દેશ આ દુર દશા તુજ ચાલે છે
મગનલાલ તો કહે આટલું તે બ્હેનો ઉરમાં ધરજો
હિન્દ દેશની ચઢતી કરવા ફેશનને ત્યાગી ફરજો

જ્ઞાતિ વિરોની ફરજ અને અબળાની અરજ

(રાગ-ગઝલ)

વિચારો વીર જ્ઞાતિના તમોને વીનવી કહુ છું
બળાપા બાળ લગ્નના તેના થકી હું તો બળી રહું છું.

અરે આ જ્ઞાતિના વિરો દયા કંઇ ઉરમાં ધરજો
ખરે આ હીન્દની માંહે સુધારા પ્રેમથી કરજો

જુઓ માતાપીતા મારા અને સ્વામી ગયા સ્વર્ગે
નહીં કંઇ આશરો મારો હવે આ બાળ ક્યાં વરગે

કરી મોટી અરે મુજને પછી જો હોત પરણાવી
ખરેખર હોય મારી તો દશાના આવતી આવી

અરે આ બાળ લગ્નોથી બને છે શું હવે તાવી
બિચારી બાર વર્ષે તો જુઓને સાસરે આવી

અરે કન્યા તણા વાલી થયો આ દેશ સૌ ખાલી
મુકી રોતી ગયા ચાલી પીવાડી પ્રેમની પ્યાલી

છતાં કંઇક તો દયા રાખો સૌ જન આમ શું ભાખો
અરેરે આર્ય અબળાની તુટી ગઇ છે સૌ પાંખો

કજોડાની કહેણી અને બાળાઓની લહેણી

દુહો

કન્યાતણાં વેચાણ તો આ હિંદમાં બહુ થાય છે
પૈસાતણા લોભે કરી અબળાઓ દુઃખમાં જાય છે

રાગ—સવૈયા

હિન્દતણા પતનીઓ બંધું કાર્ય આદર્યાં શું આજે
પૃથવી ઉપર જન્મ લઇને પાપી પેટ ભરવા કાજે
દીકરી જેવું રત્ન ઉછેરી પૈસાની શું લાલચ કરો
ધીક પડયો અવતાર તમારો અવની વીષે બુડી મરો
કુંવારીકાનો જન્મ થાતાં તો માતપીતા બહુ હરખાયે
પાંચ વર્ષની થાતાં પહેલાં વર જોવા દોડી જાયે
રૂપ રંગ કેળવણી વધવા પ્રયત્ન પણ તે કાજ કરે
થસે રૂપાળી પુત્રી આપણી રૂપીઆ પાંચસો વધુ મલે
સદ્ધર બેંકમાં ચેક પડયો છે દીકરીની તુલના તેવી
વખત જોઈ વટાવી લેઇશું આફ્ત નહી પડવા દેવી

લગ્ન સમય બિચારી બાળા અણુસમજુ થઈ ઉછળતી
પુખ્ત થતાં પતિ નિરખીને હંમેશાં મનમાં બળતી
વલોપાત વાણીમાં કરતી ભાગ ઉપર અતીસે ભાવો
વૃદ્ધ પતિની વેઠ કરી શું સંસારે પહોંચે લાવો
મનુષ્ય દેહ તેમાં પણ અબળા શીયળ સાચવે શી રીતે
મદન અગ્નિના પ્રચંડ ભડકા કેમ કરી નારી જીતે
પૈસા લેઇને દીકરી કેરૂં જીવન ઝેર મય શું કીધું
છતાં ધણીએ રંડાપો દેઇને વેર કહાનુ એ લીધુ
સ્ત્રીની ગતતો સ્ત્રી જાણે છે તો પણ માતા દુષ્ટ થતી
દીકરી દુઃખમાં બળી જશે તે વિચાર દીલમાં ના કરતી
માતા તારો પ્રેમ સહુ તેં લાલચમાં ઢાંકી દીધો
વર્ણ આપણી ઉંચ હતી તો નીચ કર્મ શું આચરતી
પુત્રી પૈસા પચે નહી તો કન્યાવિક્રય શું કરતી
સમાન વયનો પતિ હોય પણ દ્રવ્ય લઈ કન્યા આપે

સાસરીઆં બહુ મેણા દઇને બીચારીને સંતાપે
કામકાજ સૌ ઘરનાં કરજે ગુલામડી સમજાણી છે
તારા બાપને પૈસા દઇને તુજને ઘરમાં આણી છે
ધર્મ ગ્રંથ સૌ એમ કહે છે કન્યાવિક્રય જે કરશે
જીવિત જીંદગી કષ્ટ ભોગવી અંત નર્ક મહીં પડશે
બાળ તમારી જીવ બાળીને ગાળ અતિશય દેવાની
માબાપ મને કુવે ઉતારી હાય નિસાસા લેવાની
એજ નિસાસે માતપિતાનુ સત્યાનાશ જરૂર જશે
ખોટા રસ્તામાં દ્રવ્ય જતા પણ મુરખ અંતે હાથ ઘસે
વિપરીત બુદ્ધિ વિપરીત કાળે વિપરીત વાતે સુઝ પડે
ધર્મ નિતીનાં નામ ગયાંને સત્ય સાથે તકરાર નડે
હિંદવાસીઓ ભાઇઓ મારા અક્કલ ક્યાં તમ મારી ગઇ
પસ્તાવો પાછળથી કરશો બુદ્ધિ ક્યાંથી આવી થઇ
મોટાઓ ખોટા કહેવાયા ઉંધા મારગ બતલાવે
અનેક વાર પોતાની બેટી બીજાઓને પરણાવે
શાસ્ત્ર પ્રમાણે લગ્ન થયા તે ફરી ફરી શુ બદલાયે
હિન્દ તારી પડતીના ચીન્હોનાં કારણ સૌ દેખાય
નિચ નારીઓ મનમાં જાણે આ પતિ મુજને નથી ગમતો

ચાર ફાંકડા સામે આવે જો જો ને દુરથી નમતા
પતિ કરતાં અતિ રૂપાળા મન મારૂં તેમાં લોભાય
ભાર શો છે એ દુષ્ટ પતિનો ખંજર કાઢી જો ભોકાય
બાળ રવડતાં મેલી નારીઓ ફરવાને ચાલી જાયે
તે કારણુથી હીંદ દેશ આ તારી તો પડતી થાયે
સરળ પથ છે આ કરતાં તો બાળ લગ્ન નામચ્છ બાળો
નાની વયનાં સંતાનોને પરણાવાનું તો ટાળો
હિંદ દેશની સતિઓ શાણી ધર્મ માર્ગે મન રાખે
નિતી નિયમને માન આપીને સ્વર્ગ સુખ પોતે ચાખે
સત્ય વાત વીચરતા બંધુ સત્ય કામ ના કરતા છે
દુષ્ટ કામના કરનાર નીચ ભાર નકામોં ભરતા છે
કસાઇ તણાં તે કૃત્ય કરે છે વિશ્વપતિ શું સાંખે
વાત જવાદો બાળલગ્નની સભા ભરીને તે ભાખે
પ્રાચિનની સતિઓને નીરખો સત્ય વાત સૌ કરતી
પતિ સેવામાં મગ્ન રહીને પાપી પેટ તે ભરતીતી
પર પુરૂષનો સ્પર્શ થાય તો નાહી ધોઇને પવિત્ર થતી
ધન્ય ધન્ય તેવી નારીને બુદ્ધિ જેઓની શુધ્ધ હતી

વાંઢાનો વિલાપ.

નારી વિનાનુ ઘેર તાણુ રે; સહાય મ્હારે નારી વીના ઘેર તાણું
એતો દીપક છતા અંધારૂં રે— સહાય મ્હારે

જઈ પનઘટ પર હું બેસું; રસિક રૂપાળી રામા દેખું
રહું અંતર નારી સારૂં સારૂં રે સહાય મ્હારે

સવારમા જાગુ છું જ્યારે; હાંગલુ પડે હાથે મ્હારે
માંજું વાસણ વાસીદુ વાળુ વાળું રે— સહાય મ્હારે

પાણી લાવું છુ માથે; કોઈ નહી આવે સાથે
જગમાં જીવતર મારૂં ખારૂં રે— સહાય મ્હારે

સત્યનારાયણ તમે કૃપાળું; વાંઢા મેળ્યું જો ભાગો મારૂં
શીરે ધરાવા ધારૂં ધારૂં રે— સહાય મ્હારે

એવી કંલ્પના કરતો; જઇને કુવા પર સુતો
આવી નીંદ્રા સ્વપનુ ભાળું ભાળું રે— સહાય મ્હારે

જ્ઞાતિ બંધુ ઝાઝા આવ્યા; પરણાવા બૈરી લાવ્યા
શ્રીફળ ગોરે મને આલ્યું આલ્યું રે— સહાય મ્હારે

મામા માસા કાકા કહે છે; આ કન્યા અતિ સુંદર છે.
થઈ ખુશી ખુશી નિહાળુ રે— સહાય મ્હારે

જ્ઞાતિલાને ભોજન કીધાં; દુધપાક પુરી ભજીઆં કીધાં
વરઘોડે ફરવા ધારૂં ધારૂં રે— સહાય મ્હારે

નટપુરથી આણ્યાં તાસાં; રજાકનાં સુરતી વાજાં
ઘોડો સુંદર શણગારૂં શણગારૂં રે— સહાય મ્હારે

બની ઠણી સુંદર અલબેલો; વરઘોડો ફરવા નીકળેલો
અંતર મનસુબા ધારૂં ધરૂં રે— સહાય મ્હારે

બેરીને બાળક અવતરીયુ; નામ રૂડા રત્નો પડીયુ
કીસ્મત ફળીયું સારૂં સારૂં રે— સહાય મ્હારે

પાંચ વરસના રત્નો થાતાં; મહીસાગર નાવા જાતાં
દુઃખનું આવ્યું વાદળ કાળું કાળું રે— સહાય મ્હારે

ગાડી સામે સામી અથડાઈ; એમ ગાડી ગઇ ઉથલાઈ
પડયો કુવામાં પાણી ભાળું ભાળું રે— સહાય મ્હારે

પાંચ શેર જ્યાં પીધું; વહુ-બાળક ક્યાંથી દેખું
દુઃખ શું ઉચ્ચારૂં મારૂં મારૂં રે— સહાય મ્હારે

મુસાફર એક દોડી આવ્યો; પાણીથી ઝટ બહારે લાવ્યો
નારીના મોહ વીસારૂં વિસારૂં રે— સહાય મ્હારે

વાંચો વાંચો ! ' જાહેર વાંચો વાંચો ! !

પુસ્તકોના શોખીન સદગૃહસ્થોને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે ટુંક સમયની અંદર હમારા તરફથી (સોળ વર્ષની સતિ અને નવ વર્ષનો પતિ) એ નામની બુક છપાઈ બહાર પડશે જેની અંદર નિચે મુજબના વિષયો આપવામાં આવેલા છે.

૧ કન્યા વિક્રય કરવાથી આવ અબળાઓની થતી હાની ૨ વૃદ્ધ લગ્નના ગેરફાયદા ૩ સ્ત્રીઓની ફરજ ૪ જ્ઞાતિ વિગેરેની ફરજ ૫ સતિઓના ચીતાર ૬ વાતના વિલાપ ૭ શ બાળકીઓનો ચીતાર ૮ પ્રેમી યુગલનો સખી સમાગ ૯ કજોડાની કહેણીઓ વીગેરે વીગેરે તથા પતિ પત્નીના અરસ પરસ પ્રેમ પત્રો અને બાહુજ રમુજી પરચુરણ કોમીક ગઝલો સહીત છપાઈ બહાર પડશે જે ચોપડી સુંદર ગ્લેઝ કાગળ પાકું બાઈન્ડીંગ સુંદર એકવીસ ચીત્રો તથા એકવીસ ભાગ સહીત લખાયેલ છે માટે આ ચોપડી કન્યા વિક્રય જેવા ક્રૂર અને ઘાતકી રીવાજને અટકાવવા અને દીકરીઓના દુખના હેવાલ જાણવા દરેક ગ્રહસ્થોએ ઘરમાં રાખવું જોઈએ

ના. કે. આ પુસ્તકના અગાઉ ગ્રાહક થનારનું નામ પુસ્તકની અંદર છાપવામાં આવશે માટે અગાઉ ગ્રાહક થનારે નીચેના સરનામે એક રૂપીઆનુ નોટ કંપની ઉપર બીડી મોકલાવવું એટલે તે ગ્રહસ્થને કંપની તરફથી છાપેલી પહોંચ મોકલવામાં આવશે. અગાઉ ગ્રાહક. પાસેથી ૨—૦—૦ બુક છપાઈ ગયા બાદ ૨—૮—૦ પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું.

સરસ્વતી બુક ડેપો

ઠે. સ્ટેશન રોડ, ઘડીયાળીની બાજુમા મુ૦ આણંદ

[illegible]નરી.

ફ્લોર મીલ. રાઇસ મીલ અને પંપવાળાઓને માટે ઉમદા તક.

ઉપર જણાવેલી મશીનરી તથા સ્ટોર સામાન દરેક જાતના સસ્તે ભાવે મળશે

ઓઇલ એન્જીનો ક્રુડ ઓઇલ તથા ... નો, નેચરલ B. H. P. ૫-૧૦-૧૫-૨૦-૩૦

ફ્લોર મીલો—એકસેલસીઅર નં ... ૧૪-૧૮-૨૦ ઇંચની ... એક્સેલસીઅર નં ૧ ... નં. ૧

સેન્ટ્રીફ્યુગલ પંપો—... ૩x૪, ૪x૫, ઇંચના ... પંપ ૧૧x૧૧, ૨x૨ ઇંચના ... એન્જીનો, બોઇલર

વિગેરે તથા ... ક્રેન્કશાફ્ટ, બેલ્ટીંગ ... બેલ્ટીંગ, ... બેલ્ટીંગ ... આવળ ... પટ્ટી ... વાળા, ... ગાસ્કેટીંગ, ... સ્પેર પાર્ટસ, ઓઇલ એન્જીનોના સ્પેર પાર્ટસ, ક્રુડ ઓઇલ ... માટે ક્રુડ ઓઇલ તથા બર્નીંગ ઓઇલ, ... લોખંડની ટાંકી ... વિગેરે.

સી. આર. કોન્ટ્રાકટર એન્ડ કું.
નવી તથા સેકન્ડ હેન્ડ મશીનરી ના
પ્રીન્સેસ સ્ટ્રીટ, રામચંદ્ર
... —સુરત.